# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

***************************************************

1. **સંસદના બંને ગૃહોએ ઇસરો અને નાસા દ્વારા નિસાર ઉપગ્રહના સફળ પ્રક્ષેપણની પ્રશંસા કરી.**
2. **મુંબઈની વિશેષ NIA અદાલતે 2008ના માલેગાંવ વિસ્ફોટ કેસમાં સાંસદ પ્રજ્ઞા ઠાકુર સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા.**
3. **ભારે વરસાદના કારણે શ્રી અમરનાથ યાત્રા અસ્થાયી રીતે સ્થગિત.**
4. **સંયુક્ત રાષ્ટ્રમાં સપ્ટેમ્બર મહિનામાં પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપવાની કેનેડાની યોજના.**
5. **આજે લંડનમાં ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ઍન્ડરસન-તેંડુલકર ટ્રોફીની છેલ્લી અને પાંચમી ટૅસ્ટ શ્રેણીની મૅચ રમાશે.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS - RS - ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષના સભ્યોના હોબાળા વચ્ચે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. લોકસભાની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થઈ , ત્યારે અધ્યક્ષ ઓમ બિરલાએ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન અવકાશ કેન્દ્રથી નાસા-ઇસરો સિન્થેટિક એપર્ચર રડાર-નિસાર ઉપગ્રહના સફળ પ્રક્ષેપણ બદલ અવકાશ વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા.

## (બાઇટ : OM-BIRLA-NISAR)

અગાઉ, શ્રી બિરલાએ પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો , પરંતુ વિરોધી દળના સભ્યોએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા અને બિહારમાં વિશેષ સઘન સમીક્ષાને પરત ખેંચવાની માંગણી કરીને વેલમાં ધસી ગયા. વિપક્ષના સભ્યોએ વિરોધ યથાવત્ રાખતા ગૃહ બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરાયું.

રાજ્યસભાએ નિસાર ઉપગ્રહના સફળ પ્રક્ષેપણ બદલ વૈજ્ઞાનિકોને અભિનંદન પણ આપ્યા. ત્યારબાદ, ઉપાધ્યક્ષે શૂન્ય કાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો , પરંતુ વિપક્ષનો વિરોધના કારણે ઉપસભાપતિએ ગૃહને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કર્યું.

## CBI-ARREST

કેન્દ્રીય તપાસ સંસ્થા- **CBI** એ દિલ્હી વિકાસ સત્તામંડળ- **DDA**ના એક અધિકારીની કથિત લાંચ કેસમાં ધરપકડ કરી છે. એક નિવેદનમાં , **CBI** એ જણાવ્યું હતું કે, આરોપી **DDA** અધિકારીએ ફરિયાદી પાસેથી તેની દુકાનના ફ્રીહોલ્ડ માટે અરજી પર પ્રક્રિયા કરવા માટે **50** હજાર રૂપિયાની લાંચ માંગી હતી.

**CBI**એ જણાવ્યું હતું કે તેઓએ અધિકારીને **50** હજાર રૂપિયાની માંગણી કરતી વખતે અને ફરિયાદી પાસેથી **20** હજાર રૂપિયાની લાંચ લેતી વખતે રંગે હાથે પકડ્યો હતો.

# PM-UDHAM SINGH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે શહીદ ઉધમ સિંહને તેમના શહીદ દિવસ પર શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે શહીદ ઉધમસિંહ ભારતના અમર સપૂત હતા તેમની દેશભક્તિ અને બહાદુરી હંમેશા દેશના લોકો માટે પ્રેરણાસ્ત્રોત રહેશે.

# MALEGAON-BLASTS

મુંબઈની એક વિશેષ **NIA** અદાલતે આજે 2008ના માલેગાંવ વિસ્ફોટ કેસમાં સાંસદ પ્રજ્ઞા ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત અને અન્ય આરોપીઓ સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. 29 સપ્ટેમ્બર , 2008ના રોજ, નાસિકના માલેગાંવ શહેરમાં એક મસ્જિદ પાસે મોટરસાઇકલ સાથે બાંધેલા વિસ્ફોટક ઉપકરણમાં વિસ્ફોટ થતાં છ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. માલેગાંવ વિસ્ફોટ કેસ મહારાષ્ટ્ર આતંકવાદ વિરોધી ટુકડી સાથેનો પહેલો કેસ હતો. 2011માં, રાષ્ટ્રીય તપાસ સંસ્થાએ આ કેસ પોતાના હાથમાં લીધો હતો.

# PHILPPINES PREZ INDIA VISIT

ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખ ફર્ડિનાન્ડ આર માર્કોસ 4 ઓગસ્ટથી ભારતના પાંચ દિવસના રાજકીય પ્રવાસે આવશે. શ્રી માર્કોસની સાથે ફર્સ્ટ લેડી લુઇસ અરેનેટા

માર્કોસ અને અનેક કેબિનેટ મંત્રીઓ તથા વરિષ્ઠ અધિકારીઓ સહિત એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે.

ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખનો કાર્યભાર સંભાળ્યા પછી શ્રી માર્કોસની આ પહેલી ભારત મુલાકાત હશે. આ મુલાકાત દરમિયાન , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખ માર્કોસ 5 ઓગસ્ટના રોજ દ્વિપક્ષીય ચર્ચા કરશે. શ્રી માર્કોસ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. દરમિયાન વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર રાષ્ટ્રપતિ માર્કોસને મળશે. શ્રી માર્કોસ 8 ઓગસ્ટના રોજ ફિલિપાઇન્સ પાછા ફરતા પહેલા બેંગલુરુની પણ મુલાકાત લેશે.

# PUNJAB CREAMATION

પંજાબના પઠા ણકોટ અને ગુરદાસપુરમાં આજે લેહ દુર્ઘટનામાં ગઈકાલે જીવ ગુમાવનારા ભારતીય સેનાના બે જવાનોનું આજે સૈન્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાશે. પઠાણકોટના લૅફ્ટનન્ટ કર્નલ ભાનુપ્રતાપ સિંહ મનકોટિયા અને ગુરદાસપુરના લાન્સ દફાદાર દલજિત સિંઘનું સૈન્ય વાહન ગઈકાલે એક ખડક પડતાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. બંને જવાન સેનાની 14મી હૉર્સ રિજેમેન્ટથી હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ **14**

ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMARNATH YATRA

ભારે વરસાદના કારણે શ્રી અમરનાથ યાત્રા અસ્થાયી રીતે રોકવામાં આવી છે. આજે ગુરુવારે જમ્મુથી કોઈ પણ તીર્થયાત્રીનો કાફલો કાશ્મીર તરફ નહીં જાય. અધિકારીઓએ કહ્યું, ખરાબ વાતાવરણને જોતા સાવચેતીના પગલા તરીકે આ નિર્ણય લેવાયો છે. જમ્મુના ભગવતીનગર બેઝ કેમ્પથી બાલતાલ અથવા નુનવાન-ચંદનવાડી તરફ નહીં મોકલાય.

જમ્મુના ડિવિઝનલ કમિશનર રમેશ કુમારે જણાવ્યું કે , યાત્રા વિસ્તારમાં ભારે વરસાદને કારણે, બેઝ કેમ્પથી યાત્રાળુઓની અવરજવરને અસર થઈ છે. તેથી આજે કોઈ કાફલો રવાના નહીં થાય. યાત્રાળુઓને સમયાંતરે પરિસ્થિતિ વિશે જાણ કરાશે.

# CANADA PALESTIAN STATE

કેનેડા સંયુક્ત રાષ્ટ્રમાં સપ્ટેમ્બર મહિનામાં પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપવાની યોજના બનાવી રહ્યું છે. જી-સાત સમૂહના બે સભ્ય દેશ પહેલા જ આ જાહેરાત કરી ચૂક્યા છે. કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કારનીએ કહ્યું , આ નિર્ણય કેટલાક મુખ્ય લોકશાહી સુધારાઓ પર નિર્ભર રહેશે. તેમણે કહ્યું, આ સુધારાઓમાં આવતા વર્ષે

પેલેસ્ટિનિયન સત્તામંડળ દ્વારા ચૂંટણીઓ યોજવાનો સમાવેશ થાય છે અને આ ચૂંટણીઓમાં હમાસની કોઈ ભૂમિકા ન હોવી જોઈએ.

કૅનેડાના પ્રધાનમંત્રીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે. જ્યારે માત્ર એક દિવસ પહેલા યુનાઈટેડ કિંગ્ડમે જાહેરાત કરી હતી કે , જો ઈઝરાયેલ યુદ્ધ વિરામને નથી માનતું અને અન્ય શરત પૂરી નથી કરતું તો આ સપ્ટેમ્બરમાં પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપશે. ફ્રાન્સે પણ ગત સપ્તાહે આવી જાહેરાત કરી હતી. અત્યાર સુધી સંયુક્ત રાષ્ટ્રના 193 સભ્ય દેશમાંથી 150 જેટલા દેશે પેલેસ્ટાઈનને રાજ્યની ઔપચારિક માન્યતા આપી છે.

## STOCK MARKET

સ્થાનિક બજાર , સેન્સેક્સ અને નિફ્ટી આજે સામાન્ય ઘટાડા સાથે વેપાર કરી રહ્યો છે. FMCG, સેવા અને માધ્યમો સિવાય અન્ય તમામ ક્ષેત્રમાં શૅરબજારમાં ઘટાડો નોંધાયો. ભારતીય વસ્તુઓની નિકાસ પર 25 ટકા વેરો લગાવવાની અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પની જાહેરાત બાદ રોકાણકારોની ચિંતા વધી ગઈ છે. બૉમ્બે સ્ટૉક ઍક્સચેન્જનો સેન્સેક્સ 184 પૉઈન્ટ ગગડીને 81 હજાર 298 પર અને નૅશનલ સ્ટૉક ઍક્સચેન્જનો નિફ્ટી 45 પૉઈન્ટ ઘટીને 24 હજાર 810 રહ્યો.

## IMD WEATHER

દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં આજે સવારે હળવો ઝરમર વરસાદ પડ્યો. હવામાન વિભાગે આજે આસામ , મેઘાલય અને રાજસ્થાનમાં ભારેથી અતિ -ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આજે બિહાર , છત્તીસગઢ, હિમાચલ

પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર , લદ્દાખ, ઓડિશા, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

અંદમાન અને નિકોબાર દ્વિપસમૂહ , પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાવા અને વીજળી સાથે વાવાઝોડાની આગાહી છે. હવામાન વિભાગે જણાવ્યું , તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક વિસ્તારમાં આજના દિવસે ગરમ અને ભેજવાળી સ્થિતિ યથાવત રહી શકે છે.

# INDIA ENGLAND TEST

લંડનના ઑવલ મેદાનમાં ભારત અને ઇંગ્લૅન્ડની ઍન્ડરસન-તેંડુલકર ટ્રૉફીની છેલ્લી અને પાંચમી ટૅસ્ટ શ્રેણીની મૅચ આજે રમાશે. ભારત પાંચ મૅચની આ શ્રેણીમાં બરાબરી કરવાના પ્રયાસ હેઠળ મેદાનમાં ઉતરશે. ભારતીય સમય મુજબ, બપોરે સાડા ત્રણ વાગ્યે કરાશે.

શ્રેણીમાં બે—એકથી પાછળ રહેલી ભારતીય ટીમે એક મહત્વના ફેરફાર કર્યો છે. ભારતે ઈજાગ્રસ્ત રિષભ પંતની જગ્યાએ ધ્રુવ જૂરેલને ટીમમાં સામેલ કર્યા છે. જોકે , સુકાની શુબમન ગિલે ટીમના અંતિમ પસંદગી ગુપ્ત રાખી છે. ઇંગ્લેન્ડ પણ ઘણા ફેરફાર કરી રહ્યું છે.